# જ્ઞાતિમૈયા

જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર


SAMAST MAHAJAN MEDIA COMMITTEE

ઈ-મેગેઝીન • વર્ષ : ૫ • સળંગ અંક : ૩૧૧ • તા.૨૫ મે થી ૩૧ મે ૨૦૨૪

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, Room No. 3, Ground Floor, Anantsidhi Jain Mandir, Opp. Badwaik Hospital, 107, L.B.S. Road, Bhandup (West), Mumbai - 78.


## જમાના પ્રમાણે આગળ વધી રહ્યા છે

# અચલગચ્છીય સંઘો



Diamond manufacturers,
Exporter's & Importer's
Exclusive designer jewellery
Dealing with EF - VVS quality
Own manufacturing unit in Mumbai & Chennai

GJF Life Member




# 128, Cathedral Road, No.2, 5 th Floor Crown Court Building, Chennai-600 086.

For Business Queries : 044-4314 1444 / 1555


www.shubhdiamonds.com

E.Mail: seema@shubhdiamonds.com

-: શુભેચ્છા સહ :-

માતુશ્રી સરલાબેન ગંગાજર મોમાયા પરિવાર

(ગામ - સાયરા)



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા


**-: સંપાદક ગણ :-**

નીશિથ આનંદ દંડ

જયંત વસનજી છેડા

રાજેન્દ્ર મણિલાલ ખોના

પ્રવીણ હંસરાજ લોડાયા

કીર્તિકુમાર ધનજી ધરમશી

ચંદ્રેશ વિરચંદ છેડા



**-: કાર્યાલય :-**

**પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**

3, Anant Siddhi Building, Gr. Floor, LBS Marg, Bhandup (West), Mumbai - 400 078.

**જ્ઞાતિમૈયા હવે નેટ પર....**

http://www.kdosm.org

Email : gyatimaiya2018@gmail.com



**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ તેને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.


## અમારી વાત...

**સંપાદક સ્થાનેથી**

# સર્વથા ત્યાગને લાયક અહંકાર

દરેક વ્યક્તિ વધતે ઓછે અહંકારથી પીડાતો હોય છે. કોઈને ધનનો, કોઈને તનનું, કોઈને પદનું, કોઈને પ્રતિષ્ઠાનું, કોઈને પરિવારનું-પૂર્વજોના નામ-કામનું અભિમાન હોય છે. આપણે અન્યથી ચડિયાતા માનીએ એટલે અહંકારનું બીજ વવાઈ જાય. જો એની પ્રત્યે લક્ષ ન અપાયતો તે વધુને વધુ ઊંચે ચડી જાય છે. પછી એનું ટ્રીમીંગ કરવું, કાપવું કે જડમૂળથી નાશ કરવું મુશ્કેલ ભર્યું થાય છે. જ્ઞાનનો અને ત્યાગનો પણ માણસને અહંકાર હોય છે. ધનવાનોને પ્રાપ્ત થયાનો અહંકાર છે. તો ત્યાગીને છોડ્યાનો અહંકાર રહે છે. અહંકાર તો છેવટે માણસનું પતન કરે છે. તેનું અસ્તકાળ સર્જે છે.

અહંકારી વ્યક્તિ કોઈના આગળ નીકળી જવાથી, કોઈ એનું કહ્યું ન માનવાથી કોઈ એને સરખા માનપાન ન આપયા એનો ક્રોધ શિરે ચડી બોલે છે. અને મોઢાથી કડવા વહેણ નીસરી જાય છે. અયોગ્ય વર્તાવ થઈ જાય છે. આ માત્ર માણસના અહંકારથી થાય છે. જેટલો અહંકાર વધે છે એટલાં સુખચેન અને શાંતિ હણાઈ જાય છે. સજ્જન પણ શેતાન બની જાય છે.

હું કંઈક છું. હું બધાથી ચડિયાતો છું એ ભાવનાની લાલચ પણ અહંમ પદની અસર છે.. કોઈ આપણને સતત માન પાન આપે, સારો આદર સત્કાર આપે. ધન-પદ-સતા પ્રતિષ્ઠાના વાધા પહેરાવે, ઊંચા આસને બેસાડે એવો ખ્યાલ કરનારે એટલું યાદ રાખવું જોઈએ કે ઊંચા-માન-પાન મળે એ સ્વાર્થ વગર ભય વગર મળવા જોઈએ. પરાણે પ્રીત આપે એવા ન હોવા જોઈએ સ્વાર્થનો સંબંધ ક્ષણિક જેવો હોય છે. સ્વાર્થ પૂરો થઈ ગયા પછી સમીપ રહેતા સગાંઓ પણ આઘે આઘે સરી જાય છે કે ક્યાંય નજરે ચડતા નથી.

સારા સમયનું થતું અભિમાન ખરાબ સમય આવે ત્યારે જીવવું આકરું કરે છે. સમય ગમે એવો ઊંચો નીચો હોય. સૌ સાથે સારપથી વર્તીએ, સ્નેહ, સૌહીર્દપૂર્વક હળીએ મળીએ અને સૌની સાથે ભળીએ તો કપરા સમયમાં પણ આપણે હળવા ફૂલ રહી શકીએ છીએ. સૌના આદર પાત્ર બની. માનપાન આસાનીથી પામી શકીએ છીએ.

માણસ બધુ ત્યાગી દે, છોડી દે, સાધુ-સંન્યાસી થઈ જાય તો પણ મનમાં સૂક્ષ્મ સજીવ રહેલો અહંકાર જીવતો રહે છે. મારો સંપ્રદાય શ્રેષ્ઠ, મારા શિષ્યો ઉચ્ચપ્રકારના, મારો મઠ ઉતમ, મારો વાણી પ્રવાહ, મારો બોધ, ઉપદેશ સરળ અને સમજવા લાયક. આ લાગણી ભાવ એ પણ ગુમાનનું સર્જન કરે છે. ત્યાગ માત્ર બતાવવાથી તેનો અંચળો ઓઢી લેવાથી હેમ ખેમ નથી રહી શકાતું. અસલી ચહેરો વર્તન, વાણીથી ક્યારેક તો બહાર પ્રગટી ઉઠે છે. આ કૃત્રિમતા બહાર ખૂલ્લી પડી જાય છે. ત્યારે આપણે કોઈને મોઢું બતાવવાને લાયક રહેતા નથી. આ જ સચ્ચાઈ છે. આ જ જીવનની શિખામણ છે. એટલે જ સંત કબીર લખી ગયા છે કે

લેને કો સંતનામ, દેને કો અન્નદાન,
તરને કો હૈ દીનતા, ડુબને કો અભિમાન

માટે નમ્રતા રાખીશું તરી જઈશું તો ગર્વ, ગુમાન ને અભિમાનથી ક્યારેક ને ક્યારેક ડૂબવાનું છે.

– જય જ્ઞાતિમૈયા

# લોભ, લાલસા, લાલચ કે તૃષ્ણાની અતૃપ્ત તરસ

## સેક્રેટરીના બે બોલ..



નીશિથ દંડ
(સેક્રેટરી જનરલ)

જીવનમાં સુખ સગવડ મેળવવા ધન ઉપાર્જન જરૂરી છે. પૈસા કમાવા આવશ્યક છે. જીવવા માટે રોટલો રળવો જરૂરી છે. જે મળે છે પરિશ્રમથી અને સતત શ્રમ ઉદ્યોગથી. પણ એવા પૈસા શા કામના જેમાં માણસ રોટલા પર રોટલાના ઢગલા કરતો રહે અને રોટલો ખાવાનો સમય જ ન મળે કે રોટલો ખાવાનું સાવ ભૂલી જાય. કમાઈ કરવામાં જો રોટલો ખાવાની પણ રુચિ જ ન રહે, મીઠી ભૂખ ન લાગે કે રોટલા એમને એમ પડ્યા રહે તો પછી એ કમાણીનો શો અર્થ?

જીવનમાં ઘણી બધી મુશ્કેલીઓ, દુઃખ યાતના, કષ્ટ છે. તેના મૂળમાં ઈન્સાનના લોભ અને તૃષ્ણા રહેલા છે. લોભ અને તૃષ્ણાને કારણે ગમે તેટલું મળે તો પણ સંતોષ મળતો નથી. મોટા ભવન, સુખ સગવડ ભર્યા મહોલાત હોય. ગાડી, બંગલા, નોકર ચાકરની આગળ પાછળ હરોળ હોય. તોય જીવને ધરવ થતો નથી. હજુ થોડું બધુ મળી જાય તો સારું. સોના ચાંદીના ડુંગર ખડકાઈ જાય તો પણ પૂરે પૂરો સંતોષ નહીં થાય. આમ આ તૃષ્ણા લોભની તરસને લીધે ગમે તેટલું મળે તો પણ સંતોષ થતો નથી. માણસ જેટલું પ્રાપ્ત કરે છે તેથી વધુ અધિક મેળવવાની સતત ઝંખના જાગતી રહે છે. તેને સતત એવું લાગે છે કે હજુ કંઈક ખૂટે છે. તૃષ્ણા કે લોભ લાલચને કારણે માણસ પોતાની પાસે જે છે એનો આનંદ માણી શકતો નથી, કે મળેલ સુખને ભોગવી શકતો નથી. ઈચ્છા કે કામના કે મેળવવાની વાસના પર સહેલાઈથી વિજય મળવો એટલું આસાન નથી. જીવનની અંત ઘડી સુધી આંખો ખુલતી નથી અને મનમાં સતત વલોપાત રહે છે કે જિંદગીમાં જોઈએ તેટલું મેળવી શકાયું નહીં.

ધન, ધાન્ય, સંપત્તિ હોવા છતાં આનંદથી જીવી ન શકીએ તો બધું વ્યર્થ છે. જીવનમાં જેટલું જરૂરી છે તેથી વધુ મેળવવાની ઈચ્છા જ માણસને દોડાવે છે. તૃષ્ણાની તરસને લીધે તાણ અને ચિંતા ઊભી થાય છે. જરૂરતથી કાંઈ વધુ નહીં અને ખપત હોય તેનાથી કાંઈ પણ ઓછું નહીં. આ ઉત્તમ અને આદર્શ ભાવ છે. જીવનમાં બધું પર્યાપ્ત માત્રામાં હોય એ સારું. જેથી સમતુલા જળવાઈ રહે અને કોઈ વિટંબણા રહે નહીં. લોભ માત્ર પૈસાનો હોય એવું નહીં. એ સતા, માન અને પદ કે પ્રતિષ્ઠાનો પણ હોઈ શકે છે. હજુ વધુ મળે એની લાયમાં મળ્યું છે તેનો આનંદ માણી શકાતો નથી.

લોભનું લઘુ સ્વરૂપ તૃષ્ણા છે. જે ઘણી સુક્ષ્મ બનીને પ્રવેશ કરે છે. પછી જ તે પોતાના કદનો વિસ્તાર કરે છે. લોભી માણસ જલદી કળી શકાતો નથી. સૌની સમક્ષ ઉદારતાની વાતો કરનારના મનમાં મોહનો મુખવટો હોય છે. આંખમાં તૃષ્ણાની તરસ તરત જણાઈ આવે છે. બહારથી ઉદાર ભાવ દાખવતો વ્યક્તિ અંદરથી કૃપણ હોઈ શકે છે. થોડું ઘણું જતું કરીને વધુ મેળવવાની લાલસા તેના મનમાં ઊંડે સુધી હોય છે. તૃષ્ણાની તરસ ન કરવાનું કરાવે છે. તે મનમાં રહેલી અતૃપ્ત વાસનાને બહેકાવે છે અને જીવને વલવલતો રાખે છે. વલોપાતમાં લપેટાયેલો રાખે છે. જિંદગી સરસ રીતે જીવવા માટે એ સ્વીકાર કરવો જરૂરી છે કે મારી પાસે જે કંઈ પણ છે, જેટલું છે એજ સૌથી સરસ છે. મારા માટે પૂરતું છે. તો લોભ, લાલચ કે તૃષ્ણા કદી જાગશે નહીં અને કંઈપણ માંગશે નહીં.


**જ્ઞાતિમૈયા માટે આપના વ્યક્તિગત તેમજ સંસ્થાકીય સમાચારો ફોટા સાથે મોકલાવો**

**Email : gyatimaiya2018@gmail.com**

**Whats App : 93222 57731**

**Read E-Paper http://www.kdosm.org**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**

**B-3, Krishna Kunj, Valji Laddha Road, Mulund (West) Mumbai - 400 080.**

ARIHANT BANK

SHRI ARIHANT CO-OP. BANK LTD.

1st February - 30th June 2024

With **LOWEST INTEREST** Rates,
we are still very much **Co-operative**

***7.49%**
(p.a.)

HOME LOAN

CAR LOAN

eAUTO LOAN

2 WHEELER LOAN

GOLD LOAN

COMMERCIAL VEHICLE LOAN

EDUCATION LOAN

LOAN AGAINST INSURANCE POLICY

*ROI linked to the CIBIL score.
Terms & conditions apply

Head Office : GB-10 A&B, Karma Stambh, L.B.S. Marg, Vikhroli (West), Mumbai - 400 083

| Branch | Phone |
|---|---|
| Bhandup (West) | 86526 30381 |
| Borivali (West) | 86526 30390 |
| Dombivli (East) | 86526 30386 |
| Ghatkopar (East) | 86526 30383 |
| Ghatkopar (West) | 86526 30385 |
| Masjid Bunder | 86526 30384 |
| Matunga | 86526 30389 |
| Mulund (West) | 86526 30382 |
| Thane (West) | 86526 30388 |
| Vashi | 86526 30387 |
| Kamothe | 86521 19656 |

SADA AAPKE SANG, ARIHANT

For More Details, Call Nearest Branch or

**Toll Free : 1800 221 984**

**Working Hours :** 10:30 am to 05:30 pm **(Except Bank Holidays)**

SADA AAPKE SANG, ARIHANT

www.arihantbank.com @ Arihant Bank

KDO

# અચલગચ્છીય સંઘોમાં ચાતુર્માસ છે તેઓને માટે આગ્રહભરી વિનંતી

જે અચલગચ્છીય સંઘોમાં ચાતુર્માસ છે. તે સંઘોના ટ્રસ્ટી-અધિકારીઓને શ્રી અખિલ ભારત અચલગચ્છ વિધિ પક્ષ શ્વેતાંબર જૈન સંઘ વિનંતી કરાઈ છે કે ચાતુર્માસ માહિતી પત્રક ફોર્મની પ્રિન્ટ કાઢી વિગતવાર ભરી મો.નં.૭૦૨૦૪૨૫૮૩૫ ઉપર વૉટસએપ કરવી.

## શ્રી અખિલભારત અચલગચ્છ (વિધિપક્ષ) શ્વે. જૈન સંઘ

### ચાતુર્માસ માહિતી પત્રક

શ્રી સંઘનું સંપૂર્ણ નામ : ____________________

<u>ચાતુર્માસ સૂચિમાં છાપવા શ્રી સંઘનું સંપૂર્ણ સરનામું</u>

____________________

____________________

ચાતુર્માસ પ્રવેશ તા.:__________

<u>શ્રી સંઘમાં ચાતુર્માસાર્થે પધારનાર મ.સા. ના નામ</u>

૧) પ.પૂ. ____________________

૨) પ.પૂ. ____________________

૩) પ.પૂ. ____________________

૪) પ.પૂ. ____________________

૫) પ.પૂ. ____________________

૬) પ.પૂ. ____________________

<u>ચાતુર્માસ સૂચિમાં છાપવા માટે મ.સા. સાથે સંપર્કમાં રહેતા સક્રીય કાર્યકરના નામ-મો. નં.</u>

૧) ____________________

<u>શ્રી સંઘના સક્રીય ટ્રસ્ટી / અધિકારીના નામ-પદ-મો. નં.</u>

૧) ____________________

૨) ____________________

<u>શ્રી સંઘના પેઢી / મહેતાજીના ફોન નં. / મો. નં.</u>

પેઢી____________________

મહેતાજી નું નામ :____________________ મો. નં. __________

ફોર્મ ભરનારનું નામ / સહી / સંઘનો સ્ટેમ્પ.

આ ફોર્મ ની પ્રીન્ટી કરાવી ભરી જલ્દી થી મો. નં. 7020425835 પર વોટસએપ કરવા વિનંતી.

# શ્રી અનંતનાથ ટ્રસ્ટ દ્વારા અગત્યની મિટીંગ

શ્રી અનંતનાથ ટ્રસ્ટ વર્ષોથી અનેક અસ્કયામતો, દેરાસરો અને અન્ય સંપત્તિઓનું સુવ્યવસ્થિત સંચાલન કરી રહ્યું છે. સાથે-સાથે સમય ની જરૂરીયાત મૂજબ ઉપરોક્ત મિલકતો ની જાળવણી માટે રીપેરીંગ/ રિડેવલેપમેન્ટ કરી વસવાટ કરનારા જ્ઞાતિજનોનું વિશ્વાસ સંપાદન કર્યુ છે.

વર્તમાનમાં અનંતનાથ ટ્રસ્ટ પાસે મસ્જીદ બંદર મધ્યે અનંતનાથ ૨૪ જિનાલય તથા આપણી ઘણી બધી બિલ્ડીંગો છે. એ સાથે કુમઠા, વાલગીરી, માંડવી, કાંજૂરમાર્ગની આપણી મિલકતોનું આજના સમય મુજબ અને સરકારી નિયમો અનુસાર તાત્કાલિક નિર્ણયો લઈ સૌનો સાથ જ્ઞાતિજનોનું વિકાસ કરવા આપ સહુ સુજ્ઞ જ્ઞાતિજનો સાથે આપણી આ સંપત્તિઓ અને દેરાસરો માટે પ્રતિકુળ સંજોગો અને કપરા પડકારો અંગે ચર્ચા વિચારણા કરવી છે, મનોમંથન કરવું છે, અને આપના યોગ્ય સલાહ-સૂચનો મેળવવા છે.

અનંત સિધ્ધિ અને અનંતછાયા ના રી-ડેવલપમેન્ટ ના અનુભવો પણ આ તબક્કે જણાવી કરી આગળ નો રસ્તો નિર્ધારીત કરવો છે.

ઉપરોક્ત બાબતોની ચર્ચા સાથે વિચારોના વિનિમય માટે, તેમજ આપના યોગ્ય સલાહ-સૂચનો મેળવવા માટે ચર્ચા સભા વિનિમય સત્રનું આયોજન કરવામાં આવ્યું છે.

**તારીખઃ ૯ જૂન ૨૦૨૪ રવિવાર**

**સમયઃ સવારના ૯:૦૦ થી ૧:૦૦**

**સ્થળ - શ્રી લખમશી નપુ હૉલ**

**૩૧૧ ચંદાવરકર રોડ, માટુંગા (સે.રે) મુંબઈ**

આ સત્ર ખૂબ જ ઉપયોગી રહેશે અને જેમાં આપ સહુના માર્ગદર્શનથી અમને યોગ્ય દિશામાં આગળ વધવા માટે માર્ગદર્શન મળશે તેવી આશા છે.

સર્વેને સમયસર પધારવા વિનંતી.

## લી.શ્રી અનંતનાથ ટ્રસ્ટ ના વર્તમાન ટ્રસ્ટીગણ

**કાર્યક્રમ ની રૂપરેખા**

**સવારના ૮:૪૫ થી ૯:૧૦ નવકારશી**

**ત્યારબાદ બરોબર ૯:૧૫ વાગ્યે સત્ર શરૂ થઈ જશે.**

**બપોર ના ૧ વાગે સત્ર ની પૂર્ણાહુતી બાદ પ્રીતિ-ભોજન**

---

આપ સહુને આદરપૂર્વક આમંત્રણ

# શ્રી શંત્રુજય એકેડેમી સંચાલિત શ્રી શત્રુંજય મુક્તિ સમયગજ્ઞાન અભ્યાસક્રમમાં જોડાવવા હાર્દિક આમંત્રણ

શ્રી શંત્રુજય એકેડેમી સંચાલિત શ્રી શત્રુંજય મુક્તિ સમ્યગજ્ઞાન અભ્યાસક્રમમાં મળેલા માનવ ભવને સફળ કરવા, મળી ગયેલા જિન શાસનને જાણવા, સમજવા, જીવનમાં પરિવર્તન લાવી સાચા સાધુ શ્રાવક બનવા, સમ્યગજ્ઞાનના મહાસાગરમાં ડૂબકી લગાવી શ્રુત રત્નો પ્રાપ્ત કરવા, જીવનમાં સુખશાંતિ અને સમાધિનો અનુભવ કરવા પ.પૂ.સાધ્વીશ્રી જયદર્શિતાશ્રીજી મ.સા.ની પ્રેરણા માર્ગદર્શનથી ચલાવાતા શ્રી શત્રુંજય મુક્તિ સમ્યગજ્ઞાન અભ્યાસ ક્રમમાં જોડાવવા હાર્દિક આમંત્રણ છે.

હિન્દી ગુજરાતી તથા ઈંગ્લિશ ત્રણે વિભાગોમાં પાંચે વર્ષમાં અભ્યાસ ક્રમમાં ઓનલાઈન પ્રવેશ ચાલુ છે. વધુ વિગત માટે www.shatrunjayacademy.com પર થઈ મેળવો.

જૈન સ્નાતક બનવા માટે ત્રણ વરસનો અભ્યાસ ક્રમ છે. પ્રત્યેક વર્ષના અભ્યાસક્રમમાં કુલ્લ ૧૦ પાઠ મોકલવામાં આવશે. પ્રત્યેક પાઠ સાથે પ્રશ્ન પત્ર રહેશે. પાઠનો અભ્યાસ કરીને પ્રશ્ન પત્ર ભરીને પાછો મોકલવાનો રહેશે. ૧૦ પાઠ પૂર્ણ થયા પછી કેન્દ્રીય પરીક્ષાનું આયોજન થશે.

વાર્ષિક પરીક્ષામાં પાસ થયા પછી પ્રથમ વર્ષના અંતે (F.Y.B.J) તમને સમ્યગજ્ઞાન પ્રવેશિકા, બીજા વર્ષના અંતે (S.Y.B.J) તમને સમ્યગજ્ઞાન પરિચય અને ત્રીજા વર્ષના અંતે (T.Y.B.J) તમને સમ્યગજ્ઞાન સ્નાતક (B.J.)ની પદવીથી સન્માનિત કરવામાં આવશે. આગળ માસ્ટર (master of Jainism (M.J)) અને ડોક્ટરેટ Doctor of Jainism) ડિગ્રી પણ મેળવી શકાશે. વધુ વિગત માટે સંપર્ક સૌ.કાશ્મીરાબેન વિનોદ લોડાયા, શાહ ગોવિંદજી વીરમ ફેક્ટરી કંપાઉન્ડ, મોઢા રોડ, ઔરંગાબાદ-૪૩૧ ૦૦૧ ફોન : ૦૨૮૪૮૨૩૩૬૪૭૫, શિલ્પા અજાણી મુંબઈ મો.નં.૯૮૨૧૧૧૩૩૩૮, લતાબેન વિકમશી, ૨/૩૯, અનંત નિવાસ, ભાત બજાર, મસ્જિદ બંદર, મો.નં.૯૩૨૩૯૪૪૧૧૭.

શત્રુંજય એકેડેમી ચાલીસગામના સંપર્ક સૂત્ર : દીપા મનિષ શાહ ચાલીસગામ મો.નં.૯૪૨૨૭૮૩૨૦૮, હેમલ પોલડીયા ચાલીસગામ મો.નં.૮૯૫૬૩૭૨૨૨૭

# તિરૂપુર સંઘના શ્રાવકો કોઈમ્બતુર જઈ મહારાજ સાહેબને આચાર્ય મ.સા.નો આજ્ઞાપત્ર સુપ્રત કર્યો



દક્ષિણ ભારતના તિરૂપુર સંઘના ૧૫ જેટલા શ્રાવક-શ્રાવિકાઓ કોઈમ્બતુર ગયા હતા. જ્યાં પ.પૂ.સાધ્વીશ્રી હર્ષનિધિશ્રીજી મ.સા.ને વિનંતી કરી જય બોલાવી હતી. સૌએ અચલગચ્છાધિપતિ મહારાજ સાહેબએ આપેલ આજ્ઞા આશિષ પત્ર સાધ્વી મહારાજને અર્પણ કરેલ. કોઈમ્બતુર સંઘના પદાધિકારીઓએ તિરૂપુર સંઘનું સન્માન સહ બહુમાન કરેલ.

# કોઠારા પાંજરાપોળ–અબોલા જીવોના ઘાસચારા સંગ્રહ માટે વિશાળ ગોદામ ખુલ્લું મુકાયું







અબડાસા તાલુકાનાં કોઠારા ગામે પાંજરાપોળ મધ્યે અબોલા પશુધન માટે ઘાસચારો સંગ્રહ કરવા દાતાશ્રી માતુશ્રી લક્ષ્મીબાઇ જવેરચંદ વિશનજી ધરમશી બીજાપુર–કોઠારા પરિવાર, માતુશ્રી નવલબાઇ ઉમરશીં શીવજી દંડ કોઠારા હસ્તે ભાવનાબેન મણીલાલ રાયચંદ લોડાયા, શ્રી અંબે માં અને શ્રી મેઘઇ માં ના ભાવિકો હસ્તે માતુશ્રી લક્ષ્મીબાઇ વેલજી વેરશીં લોડાયા આરીખાણા–મુલુન્ડ, માતુશ્રી વિજયાબાઇ રાયચંદ ભોજરાજ ધરમશીં મસુર–કોઠારા પરિવારોનાં સહયોગથી ૨૪૦૦ ફુટનું વિશાળ ગોદામ બનાવી આપવામાં આવેલ. જેનું ઉદઘાટન ઢોલ–શરણાઇનાં સૂરો વચ્ચે પરિવારજનો એ વાજતે–ગાજતે કર્યું હતું.

# કોઠારા પાંજરાપોળ-અબોલા જીવોના ઘાસચારા સંગ્રહ માટે વિશાળ ગોદામ ખુલ્લું મુકાયું






પ્રારંભે ગાય માતાનું પૂજન કરી તેને મીઠું મોઢું કરાવવામાં આવેલ. માતુશ્રી પ્રેમાબાઇ લાલજી શામજી અજાણી પરિવાર કોઠારા હસ્તે કુમારી પુષ્પાબેન લાલજી અજાણી પરિવાર દ્વારા પક્ષીઓ માટે ચબૂતરો બનાવી આપવામાં આવેલ. જેને પરિવારજનોએ વાજતે-ગાજતે ખુલ્લું મૂક્યું હતું.

આ પ્રસંગે પાંજરાપોળ ટ્રસ્ટનાં ટ્રસ્ટી પ્રમુખ શ્રી નલીનભાઇ અજાણી, હેમંતભાઇ અજાણી, રાયચંદભાઇ લોડાયા, વીરચંદભાઇ ધરમશીં, મધુકાન્તભાઇ શાહ, પ્રવીણ લોડાયા, દીનેશ અજાણી, તથા સમાજવાસીઓ વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. અબોલા પશુઓને ફળ-ફ્રુટ સાથેનું નિરણ જમાડવામાં આવેલ.

# કોઠારા પાંજરાપોળ–અબોલા જીવોના ઘાસચારા સંગ્રહ માટે વિશાળ ગોદામ ખુલ્લું મુકાયું












આ અવસરે જીતેન્દ્રભાઇ ખોના, જયંતભાઇ અજાણી, સોમચંદભાઇ લોડાયા, પ્રતાપ ધરમશી, મણીલાલ આર. શાહ, દીનેશ આર. શાહ, નીતિનભાઇ ધરમશી, ચંદ્રકાન્ત લોડાયા, હરીશભાઇ મુનવર, ભરત વિકમશી, પ્રભાતસિંહ જાડેજા ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનું સંચાલન પ્રવીણ લોડાયાએ કરેલ.

પાંજરાપોળ સંસ્થાના કર્મચારીઓ તથા સંસ્થાની મુલાકાતે આવતા જીવદયાપ્રેમીઓ માટે ઠંડા પાણીનું કુલર દીનેશભાઇ અજાણી, હરીશભાઇ મુનવર, લહેરચંદ લોડાયા તથા દિલીપ લોડાયાનાં સહયોગથી પાંજરાપોળ સંસ્થાને અર્પણ કરાયું હતું.

# ભુજમાં રહેવા-જમવાની

## સુંદર વ્યવસ્થા એટલે

## શ્રી કચ્છી દશા ઓશવાળ જૈન કચ્છ એકમ

સંચાલિત

## એકમ–ભવન– ભુજ

સ્ટેશન રોડ, હોટેલ ઇલાર્ક પાછળ, ભુજ–કચ્છ.
(બસ સ્ટેશન, રેલ્વે સ્ટેશન, એરપોર્ટ નજીકમાં જ છે.)

**એસી., નોન એસી રૂમો સાથે રહેવા ઉતરવા રૂમોની સુંદર સવલત ઉપલબ્ધ છે.**



**તેમજ સવાર–બપોર–સાંજ સ્વાદિષ્ટ અને ચટાકેદાર ભોજનની વ્યવસ્થા ઉપલબ્ધ છે.**

**કચ્છ આવતા શ્રીસંઘો, શ્રી જ્ઞાતિજનો તથા પ્રવાસીઓ માટે રહેવા-જમવાની વ્યવસ્થા ઉપલબ્ધ છે.**
**વાહન પાર્કીંગની વ્યવસ્થા છે.**

**એકમ-ભવન મધ્યે રહેવા-જમવાની સાથે ડાઈનીંગ હોલ બેંકવેટ હોલ તથા રૂમોની પણ સુંદર સવલતો ઉપલબ્ધ છે.**

હોલનું ભાડું એકદમ વ્યાજબી જે સૌ કોઈને પરવડે
હોલ ભાડે તથા રાત્રીરોકાણ માટે રૂમો ભાડે મળશે.

**સંપર્ક એકમ ભવન : ૦૨૮૩૨-૨૨૫૬૯૪ મો. ૯૪૨૮૮૧૩૮૬૪**

**સંપર્ક : ભોજન વ્યવસ્થા અતુલભાઈ મોતા** મો. ૯૬૧૯૨૮૨૦૯૬-૯૦૮૨૮૬૦૦૨૮

# કોઠારા તીર્થે વિસ્તૃતકરણ થયેલ અતિથિગૃહ અને નૂતનીકરણ થયેલ ભોજનશાળાનું લોકાર્પણ




અબડાસા મોટી પંચતીર્થીનાં કોઠારા તીર્થે વિસ્તૃતીકરણ થયેલ અતિથિગૃહ તથા નૂતનીકરણ થયેલ ભોજનશાળાના લોકાર્પણનો કાર્યક્રમ પ.પૂ.સા. શ્રી જયધર્માશ્રીજી મ.સા., પ.પૂ. સા. શ્રી આનંદકિરણાશ્રીજી મ.સા. ની શુભપાવન નિશ્રામાં યોજાયો હતો. પ્રથમ દિવસે વાસ્તુપૂજા યોજાઇ હતી.રાત્રિ ભાવનામાં નિકેશ દેઢીયા એન્ડ પાર્ટી તથા રુક્ષાર મીરે રમઝટ જમાવી હતી.







# કોઠારા તીર્થે વિસ્તૃતકરણ થયેલ અતિથિગૃહ અને નૂતનીકરણ થયેલ ભોજનશાળાનું લોકાર્પણ











અતિથિગૃહના વિસ્તૃતીકરણનો લાભ શ્રીમતી મંજુલાબેન લહેરચંદ લખમશીં નાગડા કોઠારા તથા માતુશ્રી કસ્તુરબાઇ રાયચંદ ઉમરશીં છેડા કોઠારા પરિવારે જ્યારે ભોજનશાળા નૂતનીકરણનો લાભ માતુશ્રી લક્ષ્મીબાઇ વેલજી વેરશીં લોડાયા આરીખાણા મુંબઇ તથા માતુશ્રી લક્ષ્મીબાઇ માણેકજી ધરમશીં કોઠારા પરિવારે લીધો હતો. અતિથિગૃહ, ભોજનશાળા વાજતે-ગાજતે સકલ શ્રી સંઘની ઉપસ્થિતિમાં ખુલ્લા મુકાયા હતા.

લોકાર્પણ ઉદઘાટન પ્રસંગે યોજાયેલ સમારોહનું પ્રમુખ સ્થાન કોઠારા જૈન મહાજનશ્રી અધ્યક્ષ શ્રી નલીનભાઇ અજાણીએ જયારે અતિથિવિશેષ પદ અમદાવાદ ક.દ.ઓ. જૈન મહાજન પ્રમુખ જીતેન્દ્રભાઇ ખોના, પારસભાઇ મૈશેરી તથા યશ ધીરેન મોતાએ શોભાવ્યું હતું. અતિથિગૃહ, ભોજનશાળાનાં દાતાશ્રીઓનું કોઠારા જૈન મહાજનશ્રી દ્વારા મોમેન્ટો અર્પણ કરી બહુમાન કરવામાં આવેલ.

પ્રાસંગિક ઉદ્‌બોધન કરતાં અતિથિવિશેષશ્રીઓએ દાતાશ્રીઓની અંતરની ભાવનાંઓને બિરદાવી હતી. અને કોઠારા તીર્થમાં વધારવામાં આવેલ સવલતો યાત્રિકો માટે આશીર્વાદરૂપ બની રહેશે. તેવું જણાવ્યું હતું.

અગાઉ શ્રીમતી રાજબાઇ લક્ષ્મીચંદ ધારશી મોતા લાખણીયાવાલા પરિવારે આ ભોજનશાળા બંધાવી આપેલ. જેનું નૂતનીકરણ દાતાશ્રીઓનાં સહયોગથી કરવામાં આવેલ.

# કોઠારા તીર્થે વિસ્તૃતકરણ થયેલ અતિથિગૃહ અને નૂતનીકરણ થયેલ ભોજનશાળાનું લોકાર્પણ










ક.દ.ઓ. જૈન મહાજન અમદાવાદનાં પ્રમુખ જીતેન્દ્રભાઇ દેવજીભાઇ ખોનાએ જણાવ્યું હતું કે, કોઠારા ગામે ઉભી થતી સવલતો દરેક યાત્રિકો તથા આજુ-બાજુનાં ગામડાઓનાં લોકોને પણ ઉપયોગી નીવડશે. તેઓશ્રીએ દાતાશ્રીઓ તથા મહાજનશ્રીનાં કાર્યની અનુમોદના કરી હતી.

સમારોહ અધ્યક્ષ નલીનભાઇ અજાણીએ કોઠારાની ગૌરવ ગાથામાં નવો ઇતિહાસ રચાયો હોવાનું જણાવી, ઊભી થયેલી સવલતો કચ્છ આવનાર યાત્રિકો માટે આશીર્વાદરૂપ બની રહેશે. તેવું જણાવી દાતાઓનાં નામ કોઠારાનાં ઇતિહાસમાં સુવર્ણ પાને લખાયા છે. તેવું જણાવ્યું હતું.

કોઠારા મહાજનશ્રી અધ્યક્ષ નલીનભાઇ અજાણી, મધુકાન્તભાઇ શાહ, રાયચંદ લોડાયા, હેમંતભાઇ અજાણી, દિનેશ અજાણી, વીરચંદ ધરમશી, પ્રવિણ લોડાયા, તેમજ મણીલાલ આર. શાહ, દીનેશ આર. શાહ, દીનેશ એમ. શાહ, રતિલાલ લોડાયા, ભરત વિકમશી, પ્રભાતસિંહ જાડેજા, હરીશ મુનવર, લક્ષ્મીચંદભાઇ પોલડીયા, ગોવિંદજી પટેલ સહિત સમાજનાં આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમનું સંચાલન પ્રવીણભાઇ લોડાયાએ જયારે આભારવિધિ દીનેશ અજાણીએ કરેલ.

# અનંતનાથ કોમ્પલેક્ષ કાંજુરમાર્ગ સંઘના શ્રી વિમલનાથ દાદા જિનાલયના આઠમા ધ્વજારોહણ પ્રસંગે ત્રિહાન્હિકા મહોત્સવનું આયોજન સંપન્ન થયું






તા.૧૬મે ગુરૂવારથી તા.૧૮મે શનિવાર સુધી શ્રી કચ્છ દશા ઓસવાલ જૈન સંઘ કાંજુરમાર્ગ સંઘના શ્રી વિમલનાથ દાદા જિનાલયના આઠમા ધ્વજારોહણ નિમિત્તે ભવ્ય પણે ત્રિહાન્હિકા મહોત્સવનું આયોજન કરવામાં આવેલ.

સાહિત્ય દિવાકર અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરિશ્વરજી મ.સા.ના શુભ આશિષથી પ.પૂ. સાધ્વી શ્રી સુશીલગુણાશ્રીજી મ.સા.ના શિષ્યા, પ.પૂ.સાધ્વીશ્રી તારકગુણાશ્રીજી મ.સા. આદિઠાણા તથા પ.પૂ.સાધ્વીશ્રી રમ્યકિરણાશ્રીજી મ.સા. અને પ.પૂ.શ્રી શ્રેયંકરા મ.સા.ની પાવનકારી નિશ્રામાં મહોત્સવ ખૂબજ ધામધૂમથી રંગેચંગે ભાવથી ઉજવાયો. શ્રી અનંતનાથ ટ્રસ્ટના ટ્રસ્ટીઓ કુમારભાઈ દંડ, મનોજભાઈ લોડાયા તથા ચેતનભાઈ મોતા મહોત્સવ પ્રસંગમાં હાજરી આપી સંઘનો મનોબળ વધાર્યું હતું. માતુશ્રી કુંવરબાઈ વિશનજી માયા મોતા પરિવાર એ સંઘને ભગવાનના સુવર્ણના બાજુ બંધ ભેટ અર્પણ કરેલ. ખૂબ ખૂબ અનુમોદના. મહોત્સવના પ્રથમ દિવસે પાર્શ્વનાથ પંચકલ્યાણક પૂજા, દ્વિતીય દિવસે ૧૮ અભિષેક તૃતીય દિવસે ૧૭ ભેદી પૂજા તથા ધ્વજારોહણ વિધિ ઉત્સાહ ઉમંગ ભાવ સાથે કરાઈ.

ત્રિહાનિકા મહોત્સવના ત્રીજા દિવસે શાસન સ્થાપના દિવસ હોવાથી શાસન ની ધજા પ્રાંગણમાં ઉપસ્થિત સૌ શ્રાવક-શ્રાવિકાઓની હાજરીમાં લહેરાવવામાં આવી અને જિન શાસનનો જય જયકાર કરાયો.

રાત્રે ભક્તિભાવના તથા પાઠશાળાના બાળકોનું ધ્વજા વિશે માહિતી આપતું નાટકનું મંચન થયું. ધ્વજાના લાભ લેનાર પરિવાર શ્રીમતી હંસાબેન લહેરચંદભાઈ ઉમરશી નાગડા પરિવારની ખૂબ ખૂબ અનુમોદના.






# હૈદ્રાબાદ સંઘમાં શાસન સ્થાપના દિવસ નિમિત્તે ધ્વજારોહણ કાર્યક્રમ સંપન્ન







હૈદ્રાબાદ નગરના કાચીગુડા શ્રી અચલગચ્છ જૈન સંઘમાં તા.૧૮મે શનિવારના રોજે પ.પૂ.સાધ્વી શ્રી કલ્પરસાશ્રીજી મ.સા.આદિ ઠાણા ૩ની નિશ્રામાં શાસન સ્થાપના દિવસ નિમિત્તે શાસન ધ્વજારોહણનો કાર્યક્રમ આયોજિત કરાયેલ હતો. જેમાં સંઘના શ્રાવક શ્રાવિકાઓ ઉત્સાહ સાથે સહભાગ લીધો હતો.

# પ.પૂ.સાધ્વીશ્રી જયદર્શિતાશ્રીજી મ.સા. સંયમ જીવનના ૪૫મા વર્ષમાં પ્રવેશ કર્યો



વિક્રમ સંવત ૨૦૩૬ના વૈશાખ સુદ ૧૩ તિથિ દિને સાંયરાના માવિત્ર માતુશ્રી નવલબેન વીરચંદભાઈ મોમાયાના ધર્મભાવમાં રંગાયેલા ગુણ સંસ્કારી પુત્રી પાલીતાણા તીર્થે પ.પૂ.આ.ભ.શ્રી વિજયયશોભદ્રસૂરિશ્વરજી મ.સા.ના હસ્તે દીક્ષા ગ્રહણ કરી ગુરૂમૈયા પ.પૂ.સાધ્વીશ્રી જયલક્ષ્મીશ્રીજી મ.સા.ના શિષ્યા તરીકે નૂતન નામ પ.પૂ.સાધ્વીશ્રી જયદર્શિતાશ્રીજી મ.સા. ધારણ કરી સંયમ જીવનના પથ પર વિચરણ શરૂ કર્યું. ધર્મ, તપ, ત્યાગ અને ભક્તિ આરાધના કરતાં દસક, રજતની આગળ વધી વિક્રમ સંવત ૨૦૮૦ના વૈશાખ સુદ ૧૩ તિથિના ૪૪ વર્ષ પૂર્ણ કરી ૪૫ વર્ષમાં પ્રવેશ કર્યો છે.

આ મંગલ ક્ષણે ગુરૂ ભક્તોની કામના, ભાવના છે કે પૂજ્ય સાહેબજી સંયમ જીવન પથ પર મક્કમપણે આગળ વધતા રહી સુવર્ણ, હીરક, અમૃત વર્ષથી આગળ સિધ્ધિ રૂપ શતકના શિખરે બિરાજમાન થાય. શત શત વંદના.

# પ.પૂ.સાધ્વીશ્રી યશોદયશ્રીજી મ.સા.એ સંયમ જીવનના ૫૩ મા વર્ષમાં પ્રવેશ કર્યો



કચ્છ જખૌ ગામના માવિત્ર માતુશ્રી ધનબાઈ શામજી મોમાયાના ધર્મસંસ્કારી અને ધર્મભક્તિ અનુરાગી પુત્રી વિક્રમ સંવત ૨૦૨૮ વૈશાખ વદ ૩ તિથિ દિને જખૌ ગામ મધે અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણસાગરસૂરિશ્વરજી મ.સા.ના હસ્તે દીક્ષા ગ્રહણ કરી ગુરૂ માતા પ.પૂ.સાધ્વીશ્રી મહોદયશ્રીજી મ.સા.ના શિષ્યા તરીકે નૂતન નામ પ.પૂ.સાધ્વીશ્રી યશોદયશ્રીજી મ.સા. ધારણ કરી સંયમ જીવનના પથ પર પ્રવાસ કરવાનું પ્રારંભ કર્યું.

ધર્મભક્તિ, તપ, ત્યાગ અને આરાધના કરતાં અવિરત આગળ વધતા વધતા આજે વિક્રમ સંવત ૨૦૮૦ના વૈશાખ માસ વદ ૩ તિથિ દિન રોજે સાહેબજી સંયમ જીવનનો ૫૨ મા વર્ષનો પ્રવાસ પૂર્ણ કરી ઉત્સાહભેર ૫૩મા વર્ષમાં પ્રવેશ કર્યો છે.

આ મંગલક્ષણે સૌ ભાવિકજનોની શુભકામના છે કે મહારાજ સાહેબ અવિરત આગળ વધતા રહી હીરક, અમૃત વર્ષથી આગળ વધી શતક વર્ષના સર્વોચ્ચ શિખરે બિરાજમાન થાય એ શુભભાવના સહ શત શત વંદના.

# શ્રી ક.દ.ઓ.જૈન સમાજ વડોદરાની યુથ વિંગ યુવા મંચના પ્રેસિડન્ટ તરીકે નીતિકા સંજય દંડની વરણી



શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન સમાજ વડોદરાના એક મહત્વના સંગ તરીકે યુવા મંચની ઘોષણા વડોદરા સમાજના યુવા આઈકોન નિશિથભાઈ દંડ દ્વારા ગત પર્યુષણ પર્વમાં કરવામાં આવી હતી. ક.દ.ઓ.જ્ઞાતિના ૧૫ થી ૨૮ વર્ષના અનમેરીડ યુવા યુવતીઓ આ મંચના સભ્યો રહેશે અને આ યુવાધનને સામાજિક તથા સાંસ્કૃતિક કાર્યક્રમો માટે જોડાવવા પ્રોત્સાહિત કરવા માટે મુકેશ માણેકજી લોડાયાને મેન્ટોરશીપ આપવામાં આવી હતી. હવે વડોદરામાં વસતા દરેકે કેડીઓ પરિવારમાંથી ૧૫ થી ૨૮ વર્ષના અનમેરીડ યુવા યુવતીઓને આ ગ્રુપમાં સામેલ કરી નિયમિત રીતે એકબીજા સાથે જોડાયેલા રહે તેવી વિવિધ પ્રવૃત્તિઓ કરવાની છે.

સમાજના નવગઠીત યુવા મંચના પ્રથમ પ્રેસિડન્ટ તરીકે એડવોકેટ કુ.નીતિકા સંજય દંડને જવાબદારી સોંપવામાં આવી છે. તેણી આ યુવા મંચનું સંચાલન કાબેલ રીતે કરશે એવો વિશ્વાસ છે. સમાજના સૌનો પુરો સાથ સહકાર મળશે એવો પુરો વિશ્વાસ છે.

## જ્ઞાતિમૈયામાં ડિઝીટલ મેગેઝીનમાં જાહેરાતોના દરો

| પ્રકાર | સાઈઝ | ૧ વખત | ૪ વખત/૧ મહિના | ૧૩ વખત/૩ મહિના | ૨૬ વખત/૬ મહિના | ૫૨ વખત/૧૨ મહિના |
|---|---|---|---|---|---|---|
| આખું પાનું | 154 x 230 mm | 1,000.00 | 3,500.00 | 10,000.00 | 18,000.00 | 35,000.00 |
| અડધુ પાનું | 154 x 110 mm | 800.00 | 3,000.00 | 9,000.00 | 15,500.00 | 30,000.00 |
| પા પાનું | 75 x 110 mm | 500.00 | 1,800.00 | 5.500.00 | 10,500.00 | 20,000.00 |

ચેક SHRI SAMASTA KUTCHI DASA OSWAL JAIN MAHAJAN ના નામે લખવા

# અબડાસા મોટી પંચતીર્થીના કોઠારા નગરના શ્રી શાંતિનાથ પ્રભુજી જિનાલયે શ્રી શક્રસ્તવ મહાઅભિષેક અનુષ્ઠાન યોજાયા





અબડાસા મોટી પંચતીર્થીનાં કોઠારા ગામે પૂ.સા. શ્રી જયધર્માશ્રીજી મ.સા., પૂ.સા. શ્રી આનંદકિરણાશ્રીજી મ.સા. ની શુભ પાવન નિશ્રામાં માતુશ્રી લક્ષ્મીબાઇ શીવજી લોડાયા પરિવાર દ્વારા શ્રી શાંતિનાથ પ્રભુજી જિનાલયે શ્રી શક્રસ્તવ મહાઅભિષેક અનુષ્ઠાન યોજાયું હતું.

ભાવિકોની વિશાળ ઉપસ્થિતિમાં સંગીતકાર નિકેશ દેઢીયા એન્ડ પાર્ટીએ શાસ્ત્રોક્ત વિધિ વિધાન સાથે સંગીતની રમઝટ જમાવેલ. પ્રભુજીનાં અભિષેકનો લાભ સર્વે ભાવિકોએ લીધો હતો. રાસ-ચામરની રમઝટ જામી હતી. શાંતિનાથ પ્રભુજીનાં વિવિધ ઔષધિયોથી અભિષેક કરાયા હતા.

શ્રી કોઠારા જૈન મહાજનશ્રી પ્રમુખ નલીનભાઇ અજાણી, રાયચંદભાઇ લોડાયા, પ્રવિણભાઇ લોડાયા, દીનેશભાઇ અજાણી, એલ.યુ. મૈશેરી, રતિલાલભાઇ લોડાયા, મણિલાલ આર. શાહ,પ્રબોધ મુનવર, દીનેશ મોતા, દીનેશ કે. શાહ સહિત શ્રાવક-શ્રાવિકાઓ વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આખા દિવસની સાધર્મિક ભક્તિ માતુશ્રી લક્ષ્મીબાઇ શીવજી લોડાયા પરિવાર દ્વારા યોજાઇ હતી.

# શ્રી ભલારાદાદા દેવસ્થાન તેરા સ્થાનકે ધ્વજારોહણ અને પહેડી પ્રસાદ મહોત્સવ ઉજવાયો





તા.૧૨ મે રવિવાર રોજે તેરા સ્થાને શ્રી ભલારાદાદા દેવસ્થાનકે ધજા, પહેડી પ્રસાદ મહોત્સવ પ્રસંગ ધામધૂમથી ઉજવાયો. આ વર્ષેનો લાભ સોમચંદભાઈ નરશીભાઈ દંડ પરિવાર હસ્તે રાજેશભાઈ દંડ તેરા-આદિપુર એ લીધેલ. બહોળી સંખ્યામાં ભાવિકો ધ્વજારોહણ મહોત્સવમાં પધાર્યા હતા લાભાર્થી પરિવારની અનુમોદના.

દાદાના ભુવા ભરતભાઈ લોડાયા તેરા સ્થાને પધાર્યા હતા અને સર્વે વિધિ કરાવી હતી તેમજ અજીત માલશી લોડાયા પીર કાર્યક્રમમાં હાજર રહ્યાં હતાં.

# ઉદાર હાથે સહાય કરો
# અને જ્ઞાતિસેવાનો લાભ લો

KDO JAIN GLOBAL CARD

KDO Swaroj

KDO BUSINESS

KDO SANJIVANI

**80G સર્ટિફીકેટ**

**C.S.R.**

CORPORATE SOCIAL RESPONSIBILITY

KDO દિવ્યાંગ

स्वाभिमान

AAWAAS

KDO UDAAN

**For NEFT Transfer**

| | | |
|---|---|---|
| Type of Account | : | Saving |
| ccount Number | : | 002001005497 |
| Name of the Bank | : | Shri Arihant Co-op. Bank Ltd. |
| Branch | : | Mulund (West) Mumbal - 400 080. |
| Name Account | : | Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan |
| For Mobile App Transfer | | |
| Our IFSC Code | : | ICIC00ARIHT |

## શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન

# કોઈમ્બતુર સંઘમાં શાસન સ્થાપના દિવસ સાથે ગુરૂજન્મોત્સવ ઉજવાયો





તા.૧૮ મે શનિવાર દિને કોઈમ્બતુર સંઘના આંગણે પ.પૂ.સાધ્વી ડૉ.શ્રી હર્ષનિધિશ્રીજી મ.સા. આદિ ઠાણા ૨ની પાવન નિશ્રામાં શાસન સ્થાપના દિવસની ભવ્ય ઉજવણી કરવામાં આવેલ. સાથો સાથ પૂ.શ્રી ગુરૂદેવ ડૉ.હર્ષનિધિશ્રીજી મ.સા.ના અવતરણ દિવસ નિમિત્તે ગુરૂ જન્મોત્સવનો કાર્યક્રમ ભવ્ય ઉત્સાહ સાથે કરાયેલ.

# ભાવભીની શ્રદ્ધાંજલિ



**પ્રેમીલાબેન ધરમશી**
તા.૧૨ મે (ઉ.૫૬)
સાંધાણ-માંડવી



**સુશીલાબેન ખોના**
તા.૧૪ મે (ઉ.૬૭)
કોઠારા-ક્લીકટ



**દિપીકાબેન લાલકા**
તા.૨૦ મે (ઉ.૩૩)
વાંકુ-મુંબઈ



**સમીરભાઈ દંડ**
તા.૨૨ મે (ઉ.૫૮)
સુથરી-કોચીન




**સીમાબેન નાગડા**
તા.૨૨ મે (ઉ.૫૨)
લાલા-ઈંદોર



**દુષ્યંતભાઈ મૈશેરી**
તા.૨૩ મે (ઉ.૬૨)
લાલા-થાણે



**ધનબાઈ ખોના**
તા.૨૩ મે (ઉ.૭૫)
સાંધવ-આદિપુર



**હંસાબાઈ ધરમશી**
તા.૨૪ મે (ઉ.૮૨)
સુથરી-ધુલિયા



**પ્રભાબેન મોતા**
તા.૨૪ મે (ઉ.૮૦)
નલિયા-નલિયા



**જયાબેન નાગડા**
તા.૨૫ મે (ઉ.૭૬)
નલિયા-વડોદરા

**આ કોલમમાં આપના કુટુંબીજનોને આપ વિનામૂલ્યે શ્રદ્ધાંજલિ આપી શકશો. વિગતમાં આપ નામ, ફોટો, ઉંમર અને હાલ વસવાટની વિગત વિનામૂલ્યે આપવામાં આવશે.**



# વતનજા વાવડ ...

– સં. રાજન ચંદે 'ધૂની'

● મૂળ કચ્છ માંડવીના અને ગુજરાત હાઈકોર્ટના વરિષ્ઠ જજ નિલયભાઈ વી. અંજારિયાની કર્ણાટક હાઈકોર્ટના ચીફ જસ્ટિસ તરીકે નિમણૂક કરવાની ભલામણ સુપ્રિમ કોર્ટ કોલેજિયમે કરી છે. આ નિમણૂંકથી વતન માંડવી સાથે કચ્છના ન્યાયતંત્રમાં ખુશીની લાગણી ફેલાઈ છે. નિલમભાઈ અંજારીયા કાયદાનું ગહન જ્ઞાન ધરાવતા સક્ષમ ન્યાયમૂર્તિ હોવા ઉપરાંત ખામી વિનાનું વ્યક્તિ્વ ધરાવે છે. ન્યાયાધીશ તરીકેના વ્યવહારમાં તેમણે ન્યાયતંત્રની વ્યક્તિને શોભે તેવા ધોરણો જાળવ્યા છે. તેમનો જન્મ માંડવીમાં થયો હતો. તેમણે ૧૯૮૮થી વકીલાત શરૂ કરી હતી. ૨૩ વર્ષની વકીલાત કારકિર્દીમાં સિવિલ તેમજ બંધારણીય કેસો લડી ચૂક્યા છે અને ૧૨ વર્ષના ન્યાયાલય જીવનમાં અનેક મહત્વના ચુકાદા આપી ચૂક્યાં છે. કચ્છી એમ.સી.ચાગલા પછી આમ ૬૫ વર્ષ બાદ કોઈ કચ્છી આ પદે પહોંચ્યા છે.

● ગિફ્ટ સિટી ગાંધીનગર ખાતે આયોજિત પ્રતિષ્ઠિત ફિલ્મ ફેર એવોર્ડ સમારોહમાં નુપૂર એકેડેમી ભુજ અને માધાપરના નૃત્યગુરૂ વૈશાલી સોલંકીના સાંનિધ્યમાં કચ્છી લોકનૃત્યની પ્રસ્તુતિ કરી દર્શકોના દિલ જીતી લીધા હતા. પહેલી જ વખત ફિલ્મ ફેરના સ્ટેજ ઉપર કચ્છી લોકનૃત્યને સ્થાન મળ્યું હતું. જે કચ્છ માટે ગૌરવની ક્ષણ છે. નુપૂર એકેડમીની કલાકારોને ૪૭૮ રાષ્ટ્રીય અને પાંચ આંતરરાષ્ટ્રીય પુરસ્કારોનું બહુમાન પ્રાપ્ત થયું છે.

● દોઢ દાયકા પહેલા પશ્ચિમ કચ્છના લખપત તાલુકાના હજારો લોકોને રોજગારી આપતી પાન્ધ્રો લિગ્નાઈટ ખાણ બંધ થતાં રોજગારની વિકટ પરિસ્થિતિ સર્જાઈ હતી. આ સમયે જ રાજ્યમાં દૂધ ડેરીના વિકાસે પશુ પાલનને બળ આપતાં સ્થિતિ બદલાઈ હતી. કચ્છમાં સરહદ ડેરી અને માહી ડેરી સહિતની દૂધ ડેરીઓએ પશુપાલન વ્યવસાયને ભારે મજબૂત બનાવ્યો છે. લખપત તાલુકાના ગામોને ઉજ્જડ થતાં અટકાવીને દોઢ લાખથી વધારેનું પશુધન આ પંથકના ૭૦ ટકા લોકોને રોજગારી આપી રહ્યું છે. સરહદ ડેરીના ત્રણ ચિલિંગ સેન્ટરોને ૧૪૯ ગામો દરરોજ ૯૦ લિટર દૂધ આપે છે. એ જ રીતે ૪૫ ગામો માહી ડેરીના દોલતપર કેન્દ્રથી જોડાયેલા છે.

● અબડાસા વિધાનસભા વિસ્તારના નખત્રાણા, અબડાસા અને લખપત તાલુકામાં ૩૨ માધ્યમિક શાળાઓના નવનિર્માણ માટે સરકારે મંજૂરીની મહોર મારી છે. આમાં અબડાસા તાલુકાના રવા, ચરોપડી, ખાનાય, સિંઘોડી મોટી, લાલા, આરીખાણા, રાયધણજર બિટ્ટા, લઠેડી, રામપર ઈત્યાદિનો સમાવેશ છે.

● કચ્છના ૭૨ દરિયા કાંઠા નજીકના ગામો માટે દરિયાકાંઠાના વિસ્તારો અને તેના પર્યાવરણના સંરક્ષણ તેમજ રક્ષણના ઉદ્દેશ સાથે કોસ્ટલ  ઝોન મેનેજમેન્ટ પ્લાન નામનો નવો કાયદો ટુંક સમયમાં આવી રહ્યો હોવાનું આધારભૂત રીતે જાણવા મળ્યું છે. માછીમારી સમુદાય અને સ્થાનિક સમુદાયોના આજીવિકા ઉપરાંત જોખમને ધ્યાનમાં લઈને વિજ્ઞાનિક સિધ્ધાંતોના આધારે ભારત સરકાર દ્વારા દેશના જુદા જુદા જિલ્લાઓમાં ઝોન જાહેર કરવામાં આવ્યા છે. કચ્છના ૭૨ ગામો માંના અબડાસા કાંઠા વિસ્તારના અકરી મોટી ચપરોડી મોટી, છછી, ગોલાય, જખૌ, ખુયડો, લઠેડી, રાપરગઢવાળી, સાંધાણ, સિંઘોડી મોટી, સુથરી, વડસર, કોસા ઈત્યાદી સહિતના ગામો સમ્મલિત છે.

● પૂર્વ કચ્છના રાપર તાલુકાના રવ, રવેચી અને માણકા પાસે આવેલો ગાંગતાબેટ પૂર્વ કચ્છના પ્રવાસનને આકર્ષવા સજ્જ છે. લગભગ પચીસથી ત્રીસ કિલો મીટરની ત્રિજ્યામાં આવેલો આ બેટ ચોમેર રણથી ઘેરાયેલો છે. ટોચ પર માતાજીનું મંદિર શ્રધ્ધાળુઓનું આસ્થા કેન્દ્ર છે. ચારે તરફના વ્યૂ અનેરૂં આકર્ષણ ઊભું કરે છે. પાણીની થપાટથી ધોવાઈ ગયેલી ભેખડો અને તેમાંથી છૂટા પડેલા અલગ અલગ આકારના પથ્થરો આકર્ષક દ્રશ્ય ખડું કરે છે. આ બેટની આસપાસ બીજા નાના નાના બેટ પણ આવેલા છે. આગામી સમયમાં પૂર્વ કચ્છના પ્રવાસન માટે ગાંગતાબેટ અતિ મહત્વનો ભાગ બની રહેશે.



Sure Safety
Complete Safety Solutions
ONE STOP SAFETY SOLUTION PROVIDER
ALL INDIA DEALERS WANTED
Drive your growth with India's biggest PPE brand SAVIOUR
Freedom Helmet
Saviour Electric Arc Suit
Saviour Safety Harness
Saviour Foldable Ear Muffs
Di-electric Boots
Saviour Work-wear Cotton Coverall
Saviour Safety Glasses
Flash Lights
Saviour 'PRO' BA Set with Composite Cylinder
Saviour Chem Pro Gloves
N95 Mask
Saviour Lion Safety Shoes
We manufacture India's biggest & most trusted PPE brand SAVIOUR
Reliable | Transparent | Assured Guarantee
SAVIOUR
Performing PPE
Contact: + 91 8511495152 | sales@suresafety.com | www.suresafety.com


DON'T
Compromise!
"HEALTH INSURANCE"
Portability Benefits Available
COMPARE, SCRUTINIZE & DECIDE
Karani
: For Details Contact Us :
YASHODHAN KARANI 98211 37737
DEEPAK KARANI 98210 82664
DEEPAK MOMAYA 93233 44737
KALPESH LODAYA 93248 33133
☑ Global Cover
☑ No Room Rent Restrictions
☑ Consumables Benefit Cover
☑ Maternity Cover
☑ Emergency Air Ambulance
☑ OPD Dental Treatment Upto 10000/-
☑ OPD Treatment Upto 5000/-
☑ 60 Days-Pre & 90Days Post Hospitalisation
☑ Road Ambulance 5000 per Hospitalisation
☑ Compassionate Travel Upto 20000
☑ High End Diagnostic upto 25000
☑ Bariatric Surgery Cover
☑ No Claim Bonus 50% every year upto 100%
☑ Long Term Policy Discount 10% for 3 yrs Policy
*T & C APPLY
insurancekhoj.com™
the ultimate stop for insurance™
#404, BPS PLAZA, DEVI DAYAL ROAD, MULUND (W), MUMBAI - 400080.
90049 99900 / 93221 37737 79771 01415 insurancekhoj@gmail.com
LOCATIONS : GUJARAT | MAHARASHTRA | MADHYA PRADESH | KARNATAKA